


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ અંક : ૫ * * * સંવત ૨૦૮૨ આસો સુદ બીજ, સોમવાર ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

### દિલ્હીમાં ભારે સુરક્ષા વ્યવસ્થાને પગલે દેખાવકારો બીજા દિવસે પણ જંતરમંતર સુધી પહોંચી જ ન શક્યા

# આંદોલન ઉગ્ર બનાવવાની CJPની પ્રતિજ્ઞા

**જંતર મંતર** ખાતેનું વિરોધ પ્રદર્શન નિષ્ફળ બનાવાયાના બીજા દિવસે દિલ્હીમાં વિવિધ સ્થળે સીજેપીના દેખાવો

**બીજા** દિવસના વિરોધ પ્રદર્શનમાં ૨૦૦ની અટકાયત : ડાબેરીઓ અને કેટલાક વિદ્યાર્થી સંગઠનો પણ જોડાયા

**રવિવારે** દિલ્હીના તમામ મેટ્રો સ્ટેશનો ખુલ્લા રહ્યા, કોઇ ટ્રાફિક નિયંત્રણો નહીં, જો કે મહત્વના માર્ગો પર બેરિકેડો ગોઠવાયા

**નવી દિલ્હી, ૧૧(પીટીઆઈ):** કૉકરોચ જનતા પાર્ટી(CJP) એ રવિવારે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમાર સામે પોતાના આંદોલનને વધુ તીવ્ર બનાવવાનો સંકલ્પ કર્યો હતો. આ દરમિયાન, નવી દિલ્હી વિસ્તારમાં સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શન યોજાતા આશરે ૨૦૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

એક પત્રકાર પરિષદમાં, સીજેપી નેતા સૌરવ દાસે આક્ષેપ કર્યો હતો કે સરકારે રાજ્યતંત્રને તેના પોતાના નાગરિકો સામે જ ઊભું કરી દીધું છે. તેમણે કહ્યું કે નિર્ધારિત સ્થળે પ્રદર્શન કરવા ઈચ્છતા પ્રદર્શનકારીઓને રોકવાને બદલે અધિકારીઓ વાતચીત માટે એક પ્રતિનિધિમંડળને આમંત્રિત કરી શક્યા હોત. તેમણે દાવો કર્યો હતો કે દિલ્હી પોલીસના અધિકારીઓએ તેમની અટકાયત દરમિયાન કોઈપણ પ્રકારનો સીઝર મેમો આપ્યા વગર તેમના ફોન લઈ લીધા હતા, જેનાથી એવી આશંકા ઉભી થાય છે કે ડિવાઈસ હેક અથવા ક્લોન કરવામાં આવ્યા હોઈ શકે છે. પત્રકાર પરિષદ દરમિયાન તેમણે કહ્યું, "અમને આશંકા છે કે, ભૂતકાળમાં કાર્યકરોના કિસ્સાઓમાં જે આક્ષેપો થયા છે તેમ, અમારા ફોન હેક અથવા ક્લોન કરીને તેમાં એવા દસ્તાવેજો કે અન્ય સામગ્રી મૂકવામાં આવી શકે છે જેનો પાછળથી અમારી વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગ થઈ શકે." તેમણે જણાવ્યું કે CJPનું આંદોલન ચાલુ છે અને ઉમેર્યું કે વિરોધ પ્રદર્શન માત્ર દિલ્હીમાં જ નહીં પણ દેશભરમાં થશે.

સીજેપી દ્વારા વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ રવિવારે સતત બીજા દિવસે સમગ્ર દિલ્હીમાં અસાધારણ સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવામાં આવી હતી, જેમાં ૩૦,૦૦૦થી વધુ પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો તૈનાત રહ્યા હતા અને તેના કારણે દેખાવકારો આજે પણ જંતરમંતર સુધી પહોંચી શક્યા નહોતા.

રવિવારે, તમામ મેટ્રો સ્ટેશનો ખુલ્લા રહ્યા હતા, જ્યારે લ્યુટિયન્સ દિલ્હીમાં કોઈ મોટા ટ્રાફિક પ્રતિબંધો લાદવામાં આવ્યા ન હતા. જોકે, આ વિસ્તાર તરફ જતા મુખ્ય રસ્તાઓ પર કડક બેરિકેડિંગ કરવામાં આવ્યું

...અનુસંધાન પાના 9 પર






### મેં ફરીથી વિરોધ ન કરવા અંગે કોઈ બોન્ડ પર સહી કરી નથી : અભિજિત દીપકે

**નાગપુર, તા. 11 :** કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજિત દીપકેએ રવિવારે જણાવ્યું હતું કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ માટે તેઓ અને અન્ય સીજેપી નેતાઓ ફરીથી વિરોધ પ્રદર્શન નહીં કરે તેવું દર્શાવતા કોઈપણ બોન્ડ પર તેણે સહી કરી નથી. નાગપુર એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતાં દીપકેએ જણાવ્યું હતું કે, "અમે ફરીથી રસ્તા પર ઊતરીશું. અમે વડા પ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહથી ડરતા નથી." દીપકેએ જણાવ્યું હતું કે, "ભલે મને 100 વખત જેલમાં નાખો, અમે તમારી તાનાશાહીથી ડરતા નથી. અમે આ તાનાશાહીનો અંત લાવીશું."

### ભગવાધારી જૂથોએ દિલ્હીમાં બીજા દિવસે પણ પ્રદર્શનકારીઓને ધમકાવ્યા

**નવી દિલ્હી, તા. 11:** મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓ પર ભગવાધારી જૂથો દ્વારા હુમલો કરવામાં આવ્યાના એક દિવસ પછી રવિવારે દિલ્હીના મધ્ય વિસ્તારમાં લાકડીઓ લઈને ફરતા પુરુષો ફરીથી પ્રદર્શનકારીઓને ધમકાવતા જોવા મળ્યા હતા. જોકે, શનિવારની હિંસાના સંબંધમાં ચાર શંકાસ્પદ હુમલાખોરોની ધરપકડ કરવામાં આવી છે. રવિવારે લાકડીઓ લઈને કેટલાક પુરુષો કનોટ પ્લેસમાં ફરતાં જોવા મળ્યા હતા, જ્યાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા હતા. તેઓ પ્રદર્શનકારીઓનો સામનો કરી રહ્યા હતા અને ધમકીઓ આપી રહ્યા હતા.

### મને અટકાયતમાં લેવાયો ન હતો, મારું અપહરણ કરાયું હતું : ધ્રુવ રાઠી

**નવી દિલ્હી, તા. 11 :** યુટ્યુબર ધ્રુવ રાઠીએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે 10 ઓક્ટોબરે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન પહેલા સાદા વસ્ત્રો પહેરેલા લોકો દ્વારા તેનું તેના નિવાસસ્થાનેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં લઈ જવામાં આવ્યો હતો. એક્સ પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં રાઠીએ જણાવ્યું હતું કે, શનિવારે સવારે લગભગ 7 વાગ્યે જ્યારે તે ઊંઘી રહ્યો હતો ત્યારે સાદા વસ્ત્રોમાં લગભગ 20 લોકો તેના ઘરમાં ઘૂસી આવ્યા હતા. રાઠીએ દાવો કર્યો હતો કે તેઓ કોણ છે તે પૂછે તે પહેલાં જ તેઓ તેને સાથે લઈ ગયા હતા. મને લગભગ 22થી 23 કલાક સુધી તેના વકીલનો સંપર્ક કરવાની કે ફોનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

### વિરોધ પ્રદર્શનનું કવરેજ કરતા જર્નલિસ્ટ્સની અટકાયતની પત્રકાર સંસ્થાઓએ ટીકા કરી

**નવી દિલ્હી, તા. 11 :** પ્રેસ ક્લબ ઓફ ઇન્ડિયા (પીસીઆઇ) અને ઇન્ડિયન વુમન્સ પ્રેસ કોર્પ્સ (આઇડબ્લ્યુપીસી) સહિત ચાર પત્રકાર સંસ્થાઓએ વિરોધ પ્રદર્શનનું કવરેજ કરી રહેલા કેટલાક પત્રકારોની અટકાયત અને હેરાનગતિની ટીકા કરી છે. શનિવારે બહાર પાડવામાં આવેલા એક સંયુક્ત નિવેદનમાં આ સંસ્થાઓએ રેખાંકિત કર્યું હતું કે, પત્રકારોએ પોતાના પ્રેસ ઓળખપત્રો દર્શાવ્યા હોવા છતાં પોલીસે કેટલાંક પત્રકારોને પણ બસોમાં ભરીને છત્રસાલ સ્ટેડિયમ અને ચાણક્યપુરી પોલીસ સ્ટેશન સહિતના અટકાયત કેન્દ્રો પર લઈ જવામાં આવ્યા હતા. અને કેટલાક રિપોર્ટરોના ફોન તથા સાધનો જપ્ત કરી લીધા હતા.

### શાંતિપૂર્ણ દેખાવકારોની ગેરકાયદે અટકાયત ન થવી જોઈએ : સુપ્રીમ

**કાયદો** અને વ્યવસ્થાની સ્થિતિને આધીન મેટ્રો-ઇન્ટરનેટ સેવાઓ પૂર્વવત કરવા સુપ્રીમનો આદેશ

**સુપ્રીમે** ગૃહ સચિવ, દિલ્હી પોલીસ અને દિલ્હી મેટ્રોને નોટિસ પણ જારી કરી

**નવી દિલ્હી, તા. ૧૧(PTI):** દિલ્હીમાં CJP દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન વચ્ચે, રવિવારે સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ રીતે એકઠા થતા લોકોની ગેરકાયદેસર અટકાયત ન કરવી જોઈએ. કોર્ટે કેન્દ્ર સરકારને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને આધીન રહીને દિલ્હી મેટ્રો સામાન્ય રીતે કાર્યરત રહે તથા ઇન્ટરનેટ સેવાઓમાં કોઈ ખલેલ ન પહોંચે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

એક વિશેષ બેઠકમાં, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચે કેન્દ્રને નોટિસ પણ પાઠવી હતી. કોર્ટ કોકરોચ જનતા પાર્ટી(CJP)ના વિરોધ પ્રદર્શનને કારણે દિલ્હીમાં મેટ્રો અને ટ્રેન સેવાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ ન

...અનુસંધાન પાના 9 પર

### CJP નેતાઓ દીપ્કે, રાંકા, દાસની એક વર્ષ શાંતિ જાળવવાની શરતે મુક્તિ

**સીજેપી** કહે છે કે શાંતિનો ભંગ તો મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમારે કર્યો છે

**નવી દિલ્હી, ૧૧ ઓક્ટોબર (PTI):** જંતર મંતર પર વિરોધ પ્રદર્શન પહેલાં દિલ્હી એરપોર્ટ પર અટકાયત કર્યા બાદ નિવારક અટકાયત હેઠળ રાખવામાં આવેલા 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) ના નેતાઓ અભિજીત દીપ્કે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને રવિવારે સવારે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા બાદ મુક્ત કરવામાં આવ્યા છે. CJPના કાનૂની બાબતોના પ્રમુખ રત્ના સિંહના જણાવ્યા અનુસાર, તેમને એક વર્ષ સુધી ''શાંતિ ભંગ ન કરવાની'' શરત પર મુક્ત કરવામાં આવ્યા છે.

એક નિવેદનમાં, CJP એ આ ત્રણેય નેતાઓની મુક્તિને ''મોટી કાનૂની જીત'' ગણાવી છે. CJP એ નિવેદનમાં જણાવ્યું, ''દિલ્હી

...અનુસંધાન પાના 9 પર

## પોલીસે દીપકેને તેની દાદીના અવસાન વિશે જાણ કરી હોવાનો વીડિયો જાહેર કર્યો

**નવી દિલ્હી, તા. 11 (PTI)** દિલ્હી પોલીસે રવિવારે એક વીડિયો બહાર પાડ્યો છે જેમાં સીજેપીના સ્થાપક અભિજિત દીપકેને તેમની દાદીના અવસાન વિશે જણાવવામાં આવી રહ્યું છે. કારણ કે, પોલીસે તે દાવાને રદિયો આપ્યો છે કે, 10 ઓક્ટોબરે કસ્ટડીમાં હોવા છતાં તેમને આ સમાચાર આપવામાં આવ્યા ન હતા. પોલીસે પુનરોચ્ચાર કર્યો કે, આ સમાચાર યોગ્ય સંવેદનશીલતા સાથે આપવામાં આવ્યા હતા અને અંતિમ સંસ્કાર માટે તેમના વતન જવા માટે મુસાફરીમાં સહાયની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તેમણે તે ઓફર ફગાવી દીધી હતી. દિલ્હી પોલીસના સ્પષ્ટીકરણના જવાબમાં દીપકેએ પૂછ્યું કે, તેમની દાદી સાથે રહેતા તેમના પિતરાઈ ભાઈનો સંપર્ક કરવા માટે શા માટે તેમને ફોનનો ઉપયોગ કરવા દીધો નહીં. દીપકેએ કહ્યું, ''માત્ર બે મિનિટ માટે મારા ફોનની માંગણી કરી જેથી હું ઓછામાં ઓછી મારા પિતરાઈ ભાઈનો નંબર કાઢી શકું. દિલ્હી પોલીસે મને મારા ફોનનો ઉપયોગ કેમ ન કરવા દીધો? મેં વકીલ સાથે વાતચીત કરવા માટે પણ કહ્યું હતું જે ફરીથી નકારવામાં આવ્યું.''

## ટ્રમ્પે રશિયા-યુક્રેન ઉર્જા યુદ્ધવિરામની જાહેરાત કરી

**ઝેલેન્સ્કીએ** કહ્યું કે યુક્રેન આ યુદ્ધવિરામને ટેકો આપે છે પરંતુ રશિયા પણ સમર્થન કરે તે જરૂરી

**ટ્રમ્પે** આ યુદ્ધવિરામની સોશિયલ મીડિયા પર જાહેરાત કરી, વ્હાઇટ હાઉસ તરફથી કોઇ નિવેદન નહીં

**વૉશિંગ્ટન, તા. ૧૧:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું કે રશિયા અને યુક્રેન ઊર્જા યુદ્ધવિરામ માટે સંમત થયા છે, પરંતુ તેના નિયમો કે શરતો અંગે કોઈ વિગતો આપી ન હતી. ઝેલેન્સકીએ કહ્યું કે આ જાહેરાત તેમના માટે 'સમાચાર' છે.

ટ્રમ્પની એક ટૂંકી સોશિયલ મીડિયા પોસ્ટમાં માત્ર એટલું જ કહેવામાં આવ્યું હતું કે આ યુદ્ધવિરામ તત્કાલ અસરથી અમલમાં આવ્યો છે અને બંને પક્ષો તેના માટે સંમત થયા છે. તેમણે લખ્યું, "તેનો ભંગ કરશો નહીં! યુક્રેનના પ્રમુખ વોલોડિમીર ઝેલેન્સ્કીએ X પર જણાવ્યું હતું કે: અમે પ્રમુખ ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવેલા ઊર્જા યુદ્ધવિરામ અંગે ચર્ચા કરી છે. યુક્રેન આ યુદ્ધવિરામનું સમર્થન કરે છે, અને તે મહત્વપૂર્ણ છે કે રશિયા પણ તેને સમર્થન આપે. અમે અમેરિકી પક્ષ તરફથી વિગતોની રાહ જોઈ રહ્યા છીએ. ઝેલેન્સ્કીએ વધુમાં ઉમેર્યું કે તેમણે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની, ફિનલેન્ડના પ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબ અને નાટોના સેક્રેટરી જનરલ માર્ક રૂટે સાથે વાતચીત કરી હતી. રશિયા દ્વારા આ જાહેરાત અંગે તરત જ કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી,

...અનુસંધાન પાના 2 પર

### જો રશિયા ૬૦ દિવસનો યુદ્ધવિરામ કરે તો હું ચૂંટણી યોજવા તૈયાર: ઝેલેન્સ્કી

**યુક્રેનને** નવા પ્રમુખની જરૂર છે એવા ટ્રમ્પના નિવેદન સામે યુક્રેનિયન પ્રમુખનો જવાબ

**કિવ, તા. ૧૧:** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકાત્મક ટિપ્પણીઓના જવાબમાં પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રવિવારે જણાવ્યું હતું કે, જો રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ૬૦ દિવસના યુદ્ધવિરામ માટે સહમત થાય, તો તેઓ યુક્રેનમાં ચૂંટણીઓ યોજશે.

"મહેરબાની કરીને પુતિનને કહો, અમને બે મહિના એટલે કે ૬૦ દિવસનો સંપૂર્ણ યુદ્ધવિરામ આપે, અને અમે ચૂંટણીઓ યોજીશું," ઝેલેન્સ્કીએ એબીસીના પ્રોગ્રામ "ધીસ વીક" માં કહ્યું હતું. અમેરિકાએ રશિયાને યુક્રેન સામેના યુદ્ધ માટે મળતું ફંડ રોકવાના હેતુથી રશિયન બળતણ પર પ્રતિબંધો લગાવ્યા હતા, જે તેમણે કામચલાઉ ધોરણે હટાવ્યાના એક દિવસ પછી, ઝેલેન્સ્કીએ રશિયન તેલ રિફાઇનરીઓ પર હુમલા કર્યા બદલ શનિવારે ટ્રમ્પે ઝેલેન્સ્કીની ટીકા કરી હતી. વ્હાઇટ હાઉસ

...અનુસંધાન પાના 9 પર

## રિયાધ એરપોર્ટ પરના હુમલામાં એક ભારતીય સહિત 13નાં મોત

**શંકાસ્પદ** હૂથી દ્વારા થયેલા હુમલામાં ઓછામાં ઓછા 11 ભારતીય સહિત કુલ 300 ઘાયલ, રવિવારે પણ એરપોર્ટ બંધ

**રિયાધ** શહેરમાં એક સપ્તાહ માટે શાળાઓ ઓનલાઇન ચાલશે, ભારત સહિત અનેક દેશોએ હુમલાને વખોડી નાખ્યો



**કૈરો, તા. ૧૧(એપી):** યમનના હૂતી વિદ્રોહીઓ દ્વારા સમગ્ર દેશમાં નવા હુમલાઓની ધમકીઓ આપ્યા બાદ, સાઉદી અરેબિયાએ રવિવારે પણ તેનું મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથક બંધ રાખ્યું હતું અને રિયાધની શાળાઓને ઓનલાઈન કરી દીધી હતી. આના એક દિવસ પહેલા જ થયેલા મિસાઈલ હુમલામાં એક ભારતીય સહિત 13ના મોત થયા હતા અને ૩૦૦થી વધુ ઘાયલ થયા હતા. સાઉદી અરેબિયામાં ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું હતું કે આ

...અનુસંધાન પાના 2 પર

## વોટ ચોરી મુદ્દે વિપક્ષ આજે સુપ્રીમ કોર્ટ તરફ કૂચ કરશે

**ખડગે અને** રાહુલે ચીફ જસ્ટિસ પાસે મુલાકાત માટે સમય માગ્યો

**નવી દિલ્હી, તા. 11 (પીટીઆઇ) :** મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન વધુ તીવ્ર બનાવીને વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા સોમવારે સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ યોજશે. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભાના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેએ વોટ ચોરીના મુદ્દે ભારતના ચીફ જસ્ટિસ સુર્યકાંતને આવેદનપત્ર સોંપવા માટે સાંજે 4 થી 5 વાગ્યા વચ્ચે મુલાકાતનો સમય માગ્યો છે.

કોંગ્રેસે આ પ્રદર્શનને 'ચલો દિલ્હી - માર્ચ ફોર ડેમોક્રેસી' નામ આપ્યું છે. બપોરે 1.30 વાગ્યે કનોટ પ્લેસ-બારાખંભા રોડ જંક્શન ખાતે તમામ વિપક્ષી નેતાઓ, યુવાનો અને નાગરિક સમાજના સભ્યો ભેગા થશે. વિપક્ષો મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામા, એસઆઈઆર પ્રક્રિયા રોકવાની અને બેલેટ પેપર તરફ પાછા ફરવાની માંગ કરી રહ્યા છે.

રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો હતો કે શનિવારે શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા યુવાનો અને વિપક્ષી નેતાઓ પર પોલીસે અને ભાજપના ગુંડાઓએ હુમલો કર્યો હતો. દિલ્હીમાં રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા, ઈન્ટરનેટ સ્થગિત કરાયું હતું અને 32,000 થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.

તા. ૧૧-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું

### હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૯૮૩ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૭.૧૩ ફૂટ | આઉટફ્લો ૧૧,૭૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૨ સે. | ૨૫.૭ સે. | ૫૧% |

## જમ્મુમાં ઓક્ટોબરના રેકોર્ડબ્રેક વરસાદથી પાણી ભરાયા : બેનાં મોત

**71 વર્ષનો** રેકર્ડ તૂટ્યો, જનજીવન ખોરવાઇ ગયું, ઠેર ઠેર ભુસ્ખલનની ઘટનાઓ



**જમ્મુ, તા. ૧૧(PTI):** રવિવારે જમ્મુમાં માત્ર ત્રણ કલાકમાં ૧૮૫.૬ મિમી વરસાદ પડવાને કારણે એક મહિલા સહિત બે લોકોનાં મોત થયા છે, જેનાથી ૧૯૫૫માં નોંધાયેલા ૧૬૦ મિમીના ૭૧ વર્ષ જૂના ઓક્ટોબર મહિનાના વરસાદનો રેકોર્ડ તૂટી ગયો છે અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સવારે લગભગ ૮:૩૦ વાગ્યે શરૂ થયેલા આ રેકોર્ડબ્રેક વરસાદે રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરી

...અનુસંધાન પાના 9 પર

## ટ્રમ્પના રશિયા ડીઝલ કરારને રોકવા રિપબ્લિકન સાંસદો ખરડો રજૂ કરશે

**રશિયા** પાસેથી ઓઇલ ખરીદનાર દેશો પર ટેરિફ લાદવા કાયદો લાવ્યા બાદ હવે પોતે રશિયા પાસેથી ડીઝલ ખરીદવા નીકળતા ટ્રમ્પ સામે તેમના જ પક્ષમાં પણ ભારે નારાજગી છે

**વૉશિંગ્ટન, તા. ૧૧(PTI):** રિપબ્લિકન કોંગ્રેસમેન બ્રાયન ફિટ્ઝપેટ્રિકે જાહેરાત કરી છે કે તેઓ પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથેની વાતચીત બાદ રશિયન ડીઝલ પરથી પ્રતિબંધો હટાવવાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પગલાને રોકવા માટે એક દ્વિપક્ષીય બિલ લાવશે.

ફિટ્ઝપેટ્રિકના આ પગલાને વિદાય લઈ રહેલા નેબ્રાસ્કાના રિપબ્લિકન કોંગ્રેસમેન ડોન બેકનનું સમર્થન મળ્યું છે, જેમણે આ કાયદાના સહ-પ્રાયોજક બનવાનું નક્કી કર્યું છે. જો કે, આ પગલું મોટે ભાગે પ્રતીકાત્મક જણાય છે કારણ કે યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ(પ્રતિનિધિ સભા) પાસે તેને પસાર કરવા માટે માત્ર થોડા જ મહિના બાકી છે, કારણ કે હાઉસની મુદત જાન્યુઆરીમાં સમાપ્ત થાય છે. કોંગ્રેસના યુક્રેન કોકસના સહ-અધ્યક્ષ ફિટ્ઝપેટ્રિકે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "અમે રશિયન તેલની તમામ ખરીદી પર પ્રતિબંધ મૂકવા માટે દ્વિપક્ષીય કાયદો રજૂ

...અનુસંધાન પાના 9 પર